ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૧૬/૦૯/૨૦૨૦

## <u>પ્રેસ નોટ</u>

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- સંસ્કૃતની પ્રાસંગિકતા સાત દિવસીય કોર્સનો પ્રારંભ

ગુજરાત યુનિવર્સિટીના યુ.જી.સી.-માનવસંશાધન વિકાસ કેન્દ્રના ઉપક્રમે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંસ્કૃત વિષયને સાંકળીને સાત દિવસનો ઓનલાઈન ટૂંકા ગાળાનો અભ્યાસક્રમ ૧૫ સપ્ટેમ્બરથી પ્રારંભ કરાયો છે. સાત દિવસીય કોર્સનું સમાપન ૨૧ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે.

૧૫ સપ્ટેમ્બરના રોજ મુખ્ય વક્તા તરીકે ઉજ્જૈન યુનિવર્સિટીના ઉપકુલપતિ પ્રો.મનમોહન ઉપાધ્યાયે પોતાનું પ્રવચન આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર શ્રી ભાગ્યેશ ઝા અને મુખ્ય મહેમાન તરીકે સંસ્કૃતના જાણીતા કવિ શ્રી હર્ષદેવ માધવ ઉપસ્થિત રહ્યા હતા. સાત દિવસીય કોર્સના ઉદઘાટન પ્રસંગે અધ્યક્ષ તરીકે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

૧૫ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર સતત સાત દિવસ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ અધ્યક્ષસ્થાન શોભાવશે. સંસ્કૃત ભાષાના તજ્જ્ઞો વિવિધ વિષયો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિની છણાવટ કરશે.

ગુજરાત યુનિવર્સિટીના યુ.જી.સી. માનવ સંશાધન વિકાસ કેન્દ્રના નિયામક ડો. જગદીશ જોષી અને સંસ્કૃત વિષયના અધ્યાપકો ડો.અતુલ ઉનાગર, ડો.મયુરીબેન ભાટીયા સહિતના અધ્યાપકોની ટીમ સાત દિવસીય કોર્સની સફળતા માટે કાર્યરત થઈ છે.